For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રસ્તા રેખાના નામે ડિમોલિશન, બિલ્ડરની સોપારી અને અધિકારીઓના ઈન્કાર વચ્ચે નાસીરનગરમાં

# ડિમોલિશન કરનાર 'ભૂત' મનપા જ નીકળી

**અધિકારીઓ** નિયમ પ્રમાણે ટીપી રસ્તાના ડિમાર્કેશન માટે ગયા હતા અને ડિમોલિશન કર્યું

**મ્યુનિ**.કમિ.ના ડિમોલિશન કર્યાના સ્વીકારને પગલે હવે નવો વળાંક, અસરગ્રસ્તોની જવાબદારી કોણ લેશે

**અધિકારીઓની** ભૂલ છે અને તે તપાસ સમિતિમાં બહાર આવ્યા બાદ પગલાં લેવાશે

સુરતઃ વેડદરવાજા ખાતે નાસીરનગરમાં થયેલા ભુતિયા ડિમોલીશનમાં ચાલેલા વિવાદમાં આખરે આજે મનપા કમિશનર એમ.નાગરાજને સ્વીકાર્યું હતું કે, આ ડિમોલીશન મનપાએ કર્યુ છે. કમિશનરે એમ પણ જણાવ્યું છે કે, ટી.પી રોડ પર ડિમોલીશન કરવાની સત્તા મનપાને છે. મનપા કમિશનરે આપેલા આ નિવેદનને પગલે હવે અનેક તર્ક-વિર્તકોની સાથે નવા વિવાદો પણ ઉભા થયા છે કે, શરૂઆતમાં ડિમોલીશન કર્યાનો મનપા દ્વારા કેમ ઈનકાર કરવામાં આવ્યો? જો મનપાએ જ ડિમોલિશન કર્યુ હતું તો અધિકારીઓ દ્વારા શા માટે હજુ સુધી તેનો સ્વીકાર કરવામાં આવતો નહોતો?

સુરત મનપાના ફેસબુક એકાઉન્ટ માય સુરત પર મનપા કમિશનરે

...અનુસંધાન પાના 9 પર

### અધિકારીઓએ શરૂઆતમાં ડિમોલિશનનો કરેલો ઈન્કાર અનેક ભેદભરમ ઊભા કરે છે

ભુતિયા ડિમોલીશનમાં સેન્ટ્રલ ઝોનના અધિકારીઓએ શરૂઆતમાં એવુ કહ્યુ હતું કે, અમે આ ડિમોલીશન કર્યુ નથી. અને છેક સુધી એવુ કહેતા રહ્યા હતા કે અમે ડિમોલીશન કર્યુ નથી પરંતુ જે રીતે જે મનપા કમિશનરે કહ્યુ કે, ડિમોલીશન અમે કર્યુ છે તેને

...અનુસંધાન પાના 9 પર

## પહેલા ઈન્કાર અને હવે સ્વીકારે બતાવ્યું કે, ડિમોલિશન એક ષડયંત્ર જ હતું

**બિલ્ડરોના** ખેલમાં આખા મામલાને સ્વૈચ્છિક બતાવવા માટે ચાલતી ચળવળમાં ડિમોલિશનનો ખુલાસો હાઈકોર્ટમાં નવો જ વળાંક લેશે

સુરતઃ નાસીરનગરનું ભૂતિયા ડિમોલિશન હવે ભૂતિયું રહ્યું નથી. આ ડિમોલિશન મનપાએ જ કર્યું છે તેવા મ્યુનિ.કમિ.ના નિવેદન બાદ અનેક મુદ્દાઓ પર વિવાદ સર્જાયો છે. આ ડિમોલિશનમાં બિલ્ડરોની સાથે મળીને મનપાએ મકાનો અને ઝુંપડાઓ દૂર કર્યા હતા તેવા પહેલેથી જ આક્ષેપો થતા રહ્યા હતા. મનપાના અધિકારીઓએ પહેલા આ ડિમોલિશન તેમણે કર્યાનો ઈન્કાર કર્યો હતો. ત્યાં સુધી આ ડિમોલિશન કોણે કર્યું તેની પણ ખબરો નથી તેવું અધિકારીઓ દ્વારા કહેવાતું હતું. આ ભૂતિયા ડિમોલિશનની પાછળ બિલ્ડરોનો પ્રોજેક્ટ પાસ કરવાનો ખેલ હતો તેવી માહિતી પહેલેથી જ બહાર આવી ચૂકી હતી અને આ એક ષડયંત્ર હતું તેવું પહેલેથી જ કહેવાતું હતું. આ વિવાદ હજુ પણ વકરેલો જ છે અને તેવામાં મનપાએ જ ડિમોલિશન કર્યાનો ઘટસ્ફોટે નવા વમળો

...અનુસંધાન પાના 9 પર

### શરૂઆતમાં ડિમોલિશન મનપાએ કર્યું તેની તેમને જાણકારી નહોતી પરંતુ પાછળથી વિગતો પ્રમાણે ડિમોલિશન મનપાએ કર્યું: કમિ.

કમિશનરે જણાવ્યું છે કે, શરૂઆતમાં તેમને એવું લાગ્યું હતું કે આ ડિમોલીશન મનપા દ્વારા કરવામાં આવ્યું નથી. પરંતુ હાલમાં થઈ રહેલી તપાસમાં બહાર આવેલી વિગતોથી એવુ લાગ્યું છે કે, આ ડિમોલીશન મનપાએ કર્યુ છે. અધિકારીઓ ડિમાર્કેશન માટે ગયા હતા અને ડિમોલીશનમાં નિયમ પસાર રેખા કરતા વધુ ડિમોલીશન થઈ હોવાનું લાગી રહ્યું છે.સ્થળ પર અધિકારીઓની હાજરીમાં થયેલું ડિમોલિશનથી અમારે સ્વીકાર કરવો જ પડે તેમ છે કે ડિમોલિશન અમે કર્યું.

## ઘોડદોડ રોડ પર નકલી પોલીસે યુવકનું અપહરણ કર્યું

**બે** કારમાં આવેલા ૪ બદમાશોએ ડ્રગ કેસમાં ફસાવી દેવાની' ધમકી આપી રૂ.૧૦ લાખ માંગ્યા

**અડધો** કલાક ફેરવી માર માર્યો, રોકડા રૂ.૪૫૦૦ લૂંટી બંદૂકની ગોળી મારવાની ધમકી આપી ફરાર

સુરતઃ ઘોડદોડ રોડ ઉપર નકલી પોલીસ બનીને આવેલી ટોળકીએ એક યુવકનું કારમાં અપહરણ કરી તેને બંધક બનાવ્યો હતો. બદમાશોએ યુવકને ડ્રગ્સના ખોટા કેસમાં જેલભેગો કરી દેવાની ધમકી આપી રૂ.૧૦ લાખની ખંડણી માંગી હતી અને આખરે તેની પાસેથી રોકડા રૂપિયા લૂંટી, જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ જતા ઉમરા પોલીસ દોડતી થઈ ગઈ છે.

પીપલોદ વિસ્તારમાં એસ.એમ.સી. આવાસ (સાર્વજનિક સ્કૂલ પાછળ) ખાતે રહેતા અને સીલાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા ચંદનકુમાર બાલેશ્વર સાવ (ઉ.વ.૩૪) ૧૭મી જૂનના રોજ બપોરે આશરે પોણા ત્રણ વાગ્યાની આસપાસ ઘોડદોડ રોડ પર આવેલા જોલી શોપિંગ પોઈન્ટ નજીક જી-3 શો-રૂમ પાસે ઉભા હતા. આ દરમિયાન કાળા કલરની મહિન્દ્રા કાર અને સિલ્વર કલરની સ્કોડા કારમાં ધસી આવેલા ચાર બદમાશોએ જબરદસ્તીથી પોતાની કારમાં બેસાડી દીધા હતા.કારમાં બેસાડતાની સાથે જ ચારેય ગઠિયાઓએ પોતાની ઓળખ 'પોલીસ' તરીકે આપી હતી. તેમણે ચંદનકુમારને ડરાવતા કહ્યું કે, 'તારી પાસે ડ્રગ્સ છે અને તને ડ્રગ્સના કેસમાં ફસાવી દઈશું.' જો કેસમાંથી બચવું હોય તો રૂ.૧૦ લાખ આપવા પડશે તેવી માંગણી કરી હતી. ટોળકીએ યુવકને કારમાં જ બંધક બનાવી ઈન્ડોર સ્ટેડિયમની આસપાસના રસ્તાઓ પર અડધા કલાક સુધી ફેરવ્યો

...અનુસંધાન પાના 9 પર

### બર્થ સર્ટિફિકેટમાં છેકછાક

## 'કરીનૈનશા' બની ગયો 'મંતાશાબાનુ', પિતા સામે FIR

**વાગરામાં** સંબંધીની બાળકીના એડમિશન માટે ચેડાં કર્યા

ભરૂચ: વાગરા પોલીસ સ્ટેશનમાં એક ચોંકાવનારો કેસ નોંધાયો છે. એક વ્યક્તિએ પોતાના પુત્રના જન્મ પ્રમાણપત્રમાં ફેરફાર કરી, તેમાં અન્ય સંબંધી બાળકીનું નામ લખી ખોટા દસ્તાવેજના આધારે શાળામાં પ્રવેશ મેળવ્યો હોવાનો ગુનો દાખલ થયો છે.

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વાંકાનેર ગામના 29 વર્ષીય સદામશા દિલીપશા દિવાને વાગરા પોલીસ મથકમાં FIR નોંધાવી હતી. તેમણે જણાવ્યું કે, તેમનાં સંબંધી મંતાશાબાનુ (ઉ.વ.8) તેમના મામા ઐયુબશા મહેબુબશા દિવાન (રહે.,વસ્તીખંડાલી, તા.વાગરા) સાથે રહે છે. મંતાશાબાનુનો વાસ્તવિક જન્મ તા.15/6/2018ના રોજ બોરસદ ખાતે થયો હતો, જેની નોંધણી બોરસદ નગરપાલિકામાં નોંધણી ક્રમાંક 2108 તા.20/6/2018થી થયેલી છે. ફરિયાદમાં આગળ જણાવાયું કે, ઐયુબશા દિવાને પોતાના પુત્ર કરીનૈનશાના જન્મ પ્રમાણપત્ર (નોંધણી ક્રમાંક 217, તા.25/5/2018, ગ્રામ પંચાયત વાગરા)માં 'કરીનૈનશા'ના નામની જગ્યાએ 'મંતાશાબાનુ'નું નામ લખીને ખોટું પ્રમાણપત્ર બનાવ્યું હતું. આ ખોટા પ્રમાણપત્રના

...અનુસંધાન પાના 9 પર

## ઘોડદોડના શો રૂમમાંથી લાખોના આઈફોન ચોરાયા

**સવારે** દુકાન ખૂલી ત્યારે રૂ.૧૧.૩૩ લાખનો સામાન ગાયબ, ખાલી ખોખા પડ્યા હતા

સુરત: પોશ ગણાતા ઘોડદોડ રોડના રામચોક પાસે આવેલા જાણીતા ઈલેક્ટ્રોનિક્સ શો-રૂમ ક્રોમામાંથી ચોર ટોળકી આઈફોન, આઈપેડ અને લેપટોપ સહિત કુલ રૂ.૧૧.૩૩

...અનુસંધાન પાના 9 પર

### આઇફોનથી લઈને સ્માર્ટ વોચ સુધીની ૧૨૩ વસ્તુઓ ચોરાઈ

- ૫.૭૦ લાખની કિંમતના ૫ નંગ એપલ આઇફોન
- એસેર (Acer) કંપનીનું લેપટોપ
- એપલ આઇપેડ-એપલ કી-બોર્ડ
- રેડમી ટેબલેટ અને પાવર બેન્ક
- મોંઘા બ્લૂટૂથ સ્પીકર્સ, સ્માર્ટ વોચ ઇયરબડ્સ-હેડફોન

### દુકાનમાં પડેલું ચોરનું લોહી FSLમાં મોકલાશે

ક્રોમા શો-રૂમમાં ચોરી કરવા આવેલા તસ્કરે જ્યારે પથ્થરના ઘા મારીને મુખ્ય દરવાજાનો મજબૂત કાચ તોડ્યો, ત્યારે કાચની તીક્ષ્ણ ધારો વાગવાથી તે પોતે પણ ઈજાગ્રસ્ત થયો હતો. શો-રૂમના દરવાજાની આજુબાજુ અને અંદર જમીન પર લોહીના ટીપાં વેરાયેલાં જોવા મળ્યાં હતાં. પોલીસે આ લોહીના નમૂના મેળવીને એફએસએલ

...અનુસંધાન પાના 9 પર

### ઘોડદોડ ચોકીથી માત્ર ૧૦૦ મીટરના અંતરે ચોરી

સુરતના અત્યંત ધમધમતા અને પોશ ગણાતા ઘોડદોડ રોડ પર આવેલી પોલીસ ચોકીથી માંડ ૧૦૦ મીટરના અંતરે આ ક્રોસવે મોલ આવેલો છે. આટલા સંવેદનશીલ અને પોલીસની સતત

...અનુસંધાન પાના 9 પર


તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



આપ સદ્દગત સ્વધામ ગયા, સતગુણ સુવાસ ફેલાવતા ગયા, નિષ્ઠાની નાવમાં સવાર થઈ ભવસાગર સહેજે પાર ઉતરી ગયા, પ્રેમ સૌને પીરસતા ગયા, ભાવમાં ભીંજવતા ગયા, સત નામ, સમરતા ગયા, કરૂણા વરસાવતા ગયા, કમાણી એવી કરી ગયા, સૌના હૃદયમાં અમર થઈ ગયા, પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે એજ હૃદયથી પ્રાર્થના...ઓમ શાંતિ..

સ્વ. પાલીબેન ચંદુભાઈ પટેલ
સ્વ. તા. ૨૧/૦૬/૨૦૨૩

માં

લિ. બળવંતભાઈ ચંદુભાઈ પટેલ તથા સમસ્ત પરિવાર

: નિવાસ સ્થાન : કોળીવાડ, અડાજણ ગામ. મો. ૯૮૨૫૫ ૬૧૪૬૦





સ્વ. હર્ષુલ મહેશભાઈ દેસાઈ
(સ્વ. તા. ૨૧/૦૬/૨૦૨૫)

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

પ્રિય મિત્ર...તારી વિદાય આટલી અણધારી હશે તે કયાં ખબર હતી... તને યાદ કરીને આંખ માંથી આંસુ રોકાતા નથી... અમારા માટેની તારી લાગણી હું હવે કયાંથી મેળવીશ... પરમ કૃપાળુ પરમાત્મા મારા પ્રિય મિત્રના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના...

-:: શોકાતુર ::- વૈશાલી હર્ષુલ દેસાઈ

નીરજ મિસ્ત્રી, તૃપ્તિ મિસ્ત્રી, પ્રેમલ વાંકાવાલા
રાજેશ મિસ્ત્રી, નિમીષા મિસ્ત્રી, મીનળ વાંકાવાલા
પરેશ સારંગ, હેનિતા સારંગ, લક્ષ્મણ ખાનચંદાણી
પ્રકાશ ઉમરીગર, ઘટા ઉમરીગર, માનસી ખાનચંદાણી
વિપુલ ભગવાગર
ધર્મિત, જય, તનય, માલવ, કુંજ, અદ્વૈત, મોક્ષા, પૂર્વા, હીર, જીયા, ઉર્જા
તથા સમગ્ર G7 પરિવાર



પ્રાર્થના સભા



સ્વ. રાકેશકુમાર બાબુલાલજી છાજેડ
સ્વ.તા. 18-06-2026

દિલગીરી સહ જણાવવાનું કે રાકેશકુમાર બાબુલાલજી છાજેડ (સિયાણી વાળા)નું તા.૧૮-૦૬-૨૦૨૬ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

પ્રાર્થના સભા
તા.૨૧-૦૬-૨૦૨૬ ને રવિવારના રોજ સમય : સવારે ૧૦ થી ૧૨ કલાકે
સ્થળ: 'ઉમા ભવન' કચ્છ કડવા પાટીદાર ભવન, સુપ્રિમ હોટલ પાસે, ગ્રીડ, નવસારી.

પ્રેમાળ સ્મૃતિમાં...
બાબુલાલ માણેકમલજી છાજેડ
ભુરાલાલ માણેકમલજી છાજેડ (પ્રમુખ, નવસારી જિલ્લા ભાજપા)
પારસમલ માણેકમલજી છાજેડ
સુરેશ - સંપત - અશોક -વિપુલ • અક્ષય- નિલેશ - રિશી - હર્ષિત
અને સમસ્ત છાજેડ પરિવાર



## 'મિલેનિયમ-૩' નામથી ઓયોજીત પ્રોજેક્ટ અંગે ભ્રામક, ખરી હકીકતોથી તદ્દન વિપરીત અને જાણીબુઝી શહેરના પ્રતિષ્ઠિત બિલ્ડરોને ખોટી રીતે ટાર્ગેટ કરી બ્લેકમેઈલીંગ કરવાના બદ્દઈરાદે પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેર ચેતવણી વિરૂદ્ધ રેકર્ડ આધારીત સાચી હકીકતો સંદર્ભે પ્રમાણિત ખુલાસો તેમજ વળતી જાહેર નોટીસ

**તા.૦૫ જુન, ૨૦૨૬ ના રોજ અલગ અલગ દૈનિક વર્તમાનપત્રોમાં 'મિલેનિયમ-૩' પ્રોજેક્ટ વિરૂદ્ધ કોઈપણ તથ્ય અને આધારભૂત પુરાવાઓ વગર બઇરાદાપૂર્વક ભડકાઉ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવનાર નટવરભાઇ અર્જુનભાઇ પટેલ (મિસ્ટર નટવરલાલ) તથા તેમના સંગાથી મળતીયા ખુદ ભેખડે ભેરવાઈ ગયેલ છે.**

- નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસા. લી.ની સતત દુહાઈ વગાડી તે સંદર્ભેના અનેક પ્રકરણોનો ઉલ્લેખ કરી ભ્રામક, અધુરી અને ભારોભાર છેતરામણી વિગતો પ્રસિદ્ધ કરાવનાર નટવરલાલ આણી મંડળી ખુદ કાનુની ફસમણીના શિકાર બની ગયેલ છે.
- ''ખાડો ખોદે તે પડે'' તેવી કહેવતને સાકાર કરવા નિકળેલા અને અન્ય પ્લોટ હોલ્ડરના બની બેસેલા મસિહા નટવરલાલ જાણીબુઝી ખુદ આંખે પાટા બાંધી દઈ ધૃતરાષ્ટ્રની ભુમિકા ભજવી રહેલ હોવાનું તેમની જાહેર નોટીસોના કથનો ઉપરથી સ્પષ્ટ જણાય આવે છે.
- મોજે આંજણાના જે સર્વે નં.૫૪/૨ તથા ૫૪/૩ ના ઉલ્લેખ વાળી પાછળથી ઊભી કરેલ કબજા રસીદ તદ્દન બોગસ અને બનાવટી હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે, જે બોગસ કબજા રસીદમાં ઉલ્લેખેલ સર્વે નં.૫૪/૨ તથા ૫૪/૩ વાળી જમીનો ઉપર અન્ય કોમર્શિયલ પ્રોજેક્ટો વર્ષો અગાઉ સાકાર થઈ ચુકેલ છે અને તેવા પ્રોજેક્ટોમાં અનેક સભ્યોના લાભમાં રજી. વેચાણ દસ્તાવેજો પણ વર્ષોથી થઈ રહ્યા છે. રેકર્ડ ઉપરની આ સાચી પ્રમાણિત હકીકતોથી મિસ્ટર નટવરલાલ આણી મંડળી પ્રથમથી જ માહિતગાર છે.
- નટવરભાઇ અર્જુનભાઇ પટેલે પાછળથી જુની તારીખમાં ઊભી કરેલ કબજા રસીદમાં છેલ્લા પાને પ્લોટ લેનારની કોલમમાં પોતાની સહી પણ કરેલ નથી, જે દર્શાવે છે કે આ કબજા રસીદ પાછળથી ઊભી કરવામાં આવેલ છે, જેમાં મિસ્ટર નટવરલાલના નામ તથા ઠામ ઠેકાણા સહિતની અનેક વિગતો પણ પાછળથી કોઇ જાણભેદુના હસ્તાક્ષરમાં લખવામાં આવેલ છે.
- નટવરલાલે ઊભી કરેલી બનાવટી કબજા રસીદમાં મોજે આંજણાના જે રે.સ. નંબરોનો ઉલ્લેખ કરેલ છે, તે રે.સ.નં.૫૪/૨ તથા રે.સ.નં.૫૪/૩ વાળી જમીનો અંગે સને-૨૦૧૭ ના વર્ષમાં ગણોતધારા કલમ-૪૩ સંદર્ભે નવી શરતની જમીનમાંથી બીનખેતીના વાણિજ્ય હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરવામાં આવેલી. જે હુકમ અંગેની નોંધો બંને જમીનોના રેવેન્યુ દફતરે તા.૦૩/૦૬/૨૦૧૭ ના રોજ અનુક્રમે ફેરફાર નોંધ નં. ૭૩૫ તથા ૭૩૪ થી દાખલ કરવામાં આવેલ છે. જે તમામ હકીકત પબ્લીક રેકર્ડનો એક ભાગ છે.

**મિસ્ટર નટવરલાલ આણી મંડળીની આવી ગુનાહિત માનસિકતાનો જાહેરમાં પર્દાફાશ થઇ ગયેલ છે.**

**સને-૧૯૯૩ ની બોગસ કબજા રસીદમાં ઉલ્લેખ કરવામાં આવેલ રે.સ.નં.૫૪/૨ તથા ૫૪/૩ વાળી જમીનો મિલેનિયમ-૩ના પ્રોજેક્ટનો ભાગ નથી, તેને ''મિલેનિયમ-૩''ના પ્રોજેક્ટ સાથે કંઇ જ લાગતુ વળગતું નથી.**

- રામકિશોરભાઇ નવિનચંદ્ર તગારીવાળાનાઓએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં તા.૦૬/૦૨/૨૦૧૮ ના રોજ દાખલ કરાવેલ પોલીસ ફરીયાદ સાથે અમારે દુર દુર સુધી કોઇ લેવાદેવા નથી. અત્રે એ પ્રશ્ન ઉલ્લેખનીય છે કે, આ ફરીયાદમાં રામકિશોરભાઈએ આજદિન સુધી શું ઉકાળ્યુ ? તેવી પોલીસ ફરીયાદ અંગેની તપાસની વિગતો મિસ્ટર નટવરલાલે કેમ જાહેર ન કરી ? કારણ સ્પષ્ટ છે કે, આ પોલીસ ફરીયાદ સાથે અમોને દુર દુર સુધી કંઇ લાગતુ વળગતુ નથી. બલ્કે આ પ્રકારે જાહેર નોટીસોમાં પોલીસ ફરીયાદ થયેલ હોવાની પાઠાફેર, અધુરી, મેનિપ્યુલેટેડ વિગતો જાહેર કરી ગર્ભિત ગુનાહિત ધાકધમકીઓ આપનાર મિસ્ટર નટવરલાલથી અમો કદાપિ ડરવાના નથી.
- નટવરભાઇ પટેલ સહિત કહેવાતા પ્લોટ હોલ્ડર અને હરકોઈની જાણમાં લાંબા સમયથી ''મિલેનિયમ-૩'' ના પ્રોજેક્ટનું બાંધકામ સફળતાપુર્વક કાયદેસરના મંજુર થયેલ પ્લાન મુજબ આગળ વધી રહ્યું છે, તેમ છતાં ખોટી રીતે વાંધા વચકા ઊભા કરી અમારી માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની ''મિલેનિયમ-૩'' વાળી જમીનો ઉપર તદ્દન ગેરકાયદેસર હક્કદાવો જતાવી જાણે કે મિસ્ટર નટવરલાલ પોતે જ પ્રત્યક્ષ કબજામાં હોવાનું કુલ ગુલાબી અને આભાસી ચિત્ર ઉભુ કરી જાહેર જનતાની આંખમાં ધુળ નાંખવા માત્રથી પ્રોજેક્ટના સાચા ટાઇટલો ક્યારેય પણ જોખમાઈ જતા નથી કે કાયદાનું સ્વરૂપ બદલાઈ જતુ નથી.
- તમામ કાનુની મોરચે પછડાટ ખાઇ ચુકેલા મિસ્ટર નટવરલાલ આણી મંડળીએ રઘવાયા બની તેમના પડદા પાછળના ભેજાબાજ ખેલાડીઓની મદદગારીમાં આયોજનબધ્ધ રીતે ભારોભાર બદનક્ષી કરી વસંતભાઈ હરીભાઈ ગજેરાને બદઇરાદાપુર્વક ટાર્ગેટ કરી જાહેર નોટીસના ટાઇટલમાં ''વસંત ગજેરા-ગજેરા બંધુઓ'' જેવા શબ્દપ્રયોગ સાથે અમોને ડરાવવા ધમકાવવા પોકળ ગુનાહિત ધાકધમકીઓવાળી જે જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે, તે વિરૂધ્ધ જાહેર માધ્યમથી એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, વસંતભાઈ હરીભાઈ ગજેરા ''મિલેનિયમ-૩'' માં ભાગીદાર નથી કે હાલના આ પ્રોજેક્ટ સાથે વસંતભાઈ ગજેરાને કંઈ લાગતું વળગતું નથી.

**''કહેતાભી દિવાના, સુનતાભી દિવાના'' ની કહેવત સાર્થક કરી તા.૦૧ મે, ૧૯૯૩ ના વર્ષની બોગસ, બનાવટી અને ઉપજાવી કાઢેલ કબજા રસીદનો આધાર લઈ અને ''હવનમાં હાડકા નાંખવાના સતત આદતી'' મિસ્ટર નટવરલાલ આણી મંડળીની કરતુતોનો વધુ પર્દાફાશ હવે પછીની પોલીસ તપાસમાં અવશ્ય થશે.**

- નટવરભાઇ અર્જુનભાઇ પટેલ જેની ઉપર આધાર રાખે છે, તે નવસર્જન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસાયટી લી.નું કોઇપણ પ્રકારનું કાયદાકીય વજુદ કે અસ્તિત્વ જ નથી, તેમ છતાં મિસ્ટર નટવરલાલ પોતાના પ્લોટ નં.૮૯ ની બોગસ કબજા રસીદ થકી કબજો તેમજ માલિકીહક્ક ક્લેઇમ કરી રહ્યા છે, તે સંદર્ભે નટવરભાઇએ પોતાના લીગલ એડવાઈઝર પાસેથી ટાઈટલ સંદર્ભે રેકર્ડ આધારીત ખાતરી અને ખરાઈ કરાવવાની અવશ્ય જરૂર હતી.
- તારીખ ૦૫, જુન ૨૦૨૬ ના રોજ વકીલશ્રીઓ મારફત પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેર ચેતવણીમાં કરેલા વજુદ વિનાના ખોટા આક્ષેપોનો પર્દાફાશ થઈ ચુક્યો છે, નટવરભાઇ અર્જુનભાઇ પટેલ તથા તેમના મળતીયા ફાઇનાન્સર હિતશત્રુઓના ચોક્કસ એજન્ડા મુજબના ષડયંત્રનો જ એક ભાગ હોવાનું સભ્ય સમાજના લોકો સ્પષ્ટપણે સમજી શકે છે.
- ગુજરાત હાઇકોર્ટ સુધીના પ્રોસીડીંગ્સમાં કહેવાતા પ્લોટ હોલ્ડરને ક્યારેય પણ કોઇ જ સફળતા પ્રાપ્ત થયેલી નહીં. અમારી માલિકીની જમીનો અંગે બીનખેતીની પરવાનગી મેળવવા અંગેની જે કાનુની કાર્યવાહી કરવામાં આવેલ તેવી કાર્યવાહીઓમાં પણ જે તે સમયે ચંચુપાત કરવા આવેલા નટવરલાલ આણી મંડળીને સફળતા પ્રાપ્ત થયેલી નહીં અને તેવા બીનખેતીના હુકમો કાયમ થયેલ છે.
- અમોએ કાયદેસરની પ્રક્રિયા અનુસરીને જ સુરત મહાનગર પાલિકા કનેથી બાંધકામ અંગેના પ્લાનો મંજુર કરાવી કાયદેસરની રજાચિઠ્ઠી મેળવેલ છે અને સ્થળ ઉપર મંજુર થયેલા પ્લાન મુજબનું બાંધકામ લાંબા સમયથી હરકોઈની જાણમાં સતત ચાલી રહેલ છે.
- અનેક પ્રકારે કાનુની પ્રબંધોથી 'શુન્ય અવકાશ' પામી ચુકેલા નટવરલાલની કાયદાકીય હાર સુનિશ્ચિત થઈ જતા, અચાનક પ્રતિષ્ઠિત વર્તમાન પત્રોમાં છેલ્લા પાને વિશાળ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવા પાછળનો નટવરલાલ તથા તેમના મળતીયા ફાઈનાન્સર હિતશત્રુઓના મનની મેલી મુરાદવાળી હકીકતોની જાણ લાગતાવળગતા સમાજના હરકોઈને સ્પષ્ટપણે સમજાય ગયેલ છે.

**નટવરલાલની વજુદ વગરની અને ખોટી હકીકતોને જોરશોરથી ચગાવવાથી ક્યારેય પણ સાચી ઠરવાની નથી.**

**''અંધારામાં તીર મારવા નિકળેલા'' નટવરલાલે પ્રસિદ્ધ કરાવેલ જાહેર નોટીસોમાં ઉલ્લેખેલ રેવેન્યુ પ્રકરણોમાં ''ધોબી પછાડ'' ખાઈને બુરી રીતે હારનો સ્વાદ ચાખી ચુક્યા હોવાની ખુદ નટવરભાઇએ જાહેરમાં કબુલાત કરેલ છે.**

- કાયદાકીય અસ્તિત્વ વિનાની નવસર્જન ઇન્ડ. કો.ઓ.સર્વિસ સોસા. લી. નું વારંવાર વાજુ વગાડી તેવી સોસાયટીના પ્લોટ હોલ્ડરની હેસીયતમાં ૧૯૯૩ સાલની પ્લોટ નં.૮૯ ની બોગસ કબજા રસીદનો આધાર લઇ નટવરભાઇ પટેલે ગુજરાત હાઇકોર્ટ સુધી કાનુની પ્રકરણોમાં પરાજય ચાખ્યાના વર્ષો પછી સિવિલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં. ૫૪/૨૦૧૬ થી દાવો દાખલ કરેલ, જેમાં ૧૦ વર્ષ ઉપરાંતનો સમય વ્યતિત થઇ ગયેલ છે, તેમ છતાં પણ આજદિન સુધી મનાઈ અરજીની સુનાવણી પણ કરી શક્યા નથી તે હકીકત ખુબ જ સુચક છે.
- જે કબજા રસીદના આધારે સિવિલ દાવો કરેલ છે તે કબજા રસીદમાં જે સર્વે નંબરોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે સર્વે નંબરો ઉપર અન્ય પ્રોજેક્ટનું બાંધકામ થઇ ચુક્યુ છે. આ હકીકતથી નટવરભાઇ પટેલ તથા તેમના સલાહકારો સારી રીતે માહિતગાર છે.
- ઉપરોક્ત સિવિલ દાવામાં નટવરભાઇ પટેલે 'મિલેનિયમ-૩' પ્રોજેક્ટના ભાગીદારોને યાને મિલેનિયમ ઈન્ફ્રાસ્કવેર એલ.એલ.પી. ભાગીદારી પેઢીને પક્ષકાર તરીકે આજદિન સુધી જોડી શકેલ નથી. આ સિવિલ દાવાના પ્રકરણ સાથે મિલેનિયમ-૩ ના પ્રોજેક્ટને દુર દુર સુધી ઉપરોક્ત હકીકતે કોઈ લેવા દેવા નથી તેમ છતાં ખોટી ગુસ્તાખી આચરવાની ટેવવાળા અને કાયદાને કથપુતળીનું સાધન સમજતા આવેલા નટવરલાલને ભવિષ્યમાં અમો થકી થનારી કાનુની કાર્યવાહી બાદ કાયદાનું જ્ઞાન અવશ્ય થશે.
- નટવરલાલે જાહેર નોટીસ થકી ફોજદારી કાર્યવાહી કરવાની ગંભીર ગુનાહિત ધમકીઓ આપી ''ચોરી ઉપરથી સીના જોરી'' જેવો ઘાટ ઘડેલ છે. મિસ્ટર નટવરલાલ આણી મંડળીએ ખોટા બનાવટી પુરાવાઓનો આધાર લઈ આચરેલા ગંભીર ગુનાહિત કૃત્યો તથા બદનક્ષીકારક આક્ષેપો અંગે હવે પછી અમો મારફત થનારી ફોજદારી સહિતની કાનુની કાર્યવાહીની રજેરજની વિગતો મીડીયાના માધ્યમથી જાહેર હિતમાં અવશ્ય પ્રસિદ્ધ કરીશુ.
- અમો મારફત નટવરભાઈ સહિત જવાબદાર ઈસમો વિરૂદ્ધ ફોજદારી સહિતની સખ્ત કાનુની કાર્યવાહી આદરવામાં આવનાર છે, જેથી ઉપરોક્ત ઈસમોની વાતમાં આવી નિર્દોષ વ્યક્તિઓ ભોગ ન બને તેવા શુભ આશયથી આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે.

નવસર્જન સોસાયટીનું જે કોઇ કાયદાકીય અસ્તિત્વ/વજુદ હોય તો તેવા જે કોઈ આધારભુત દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખતા હોય, તો તેવા તમામ પુરાવાઓ અમારા ખર્ચે અમારા સરનામે મોકલી આપવા આથી તેઓને જાહેર માધ્યમથી વળતી જાહેર નોટીસ પાઠવવામાં આવે છે.

જરૂરીયાત ઉપસ્થિત થયેથી વધુ ખુલાસો કરવાનો હક્ક અબાધિત રાખી, હાલ તુરંત ખપપુરતો આ જાહેર ખુલાસો સમાજના તમામ વ્યક્તિઓના હિતાર્થે જાહેર હિતમાં કરવામાં આવેલ છે.

નટવરભાઇ અર્જુનભાઇ પટેલે જે જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તે વિરૂદ્ધ પોસ્ટ મારફતે પણ તેઓને સચોટ જવાબ તથા વળતી નોટીસ પાઠવવામાં આવનાર છે.

**''મિલેનિયમ-૩'' પ્રોજેક્ટના અમારા તમામ રોકાણકારો તથા ભવિષ્યના રોકાણકારોના કિંમતી હક્કો કાયદાથી સુનિશ્ચિત અને હરહંમેશ સુરક્ષિત છે.**

ઓફિસ :-
'મનિષ પટેલ એન્ડ એસોસીએટ્સ, લો-હાઉસ'
5, પ્રકાશ સોસાયટી, જલારામ ડેરીની બાજુમાં,
આદર્શ ભવન પાસે, અઠવાલાઈન્સ, સુરત-1.
સ્થળ : સુરત, તારીખ : 20.06.2026

-: અમો મારફત :-
મનિષ એમ. પટેલ
Mo. 98251 21200
મિતેષ એચ. પટેલ Mo. 84888 98408
ચિરાગ એ. ગજીવાલા Mo. 98795 00029
હિમાંશુ એ. નાવડિયા Mo. 96877 79222
દિશા એમ. મહેતા Mo. 97146 61700
એડવોકેટ્સ

MANISH PATEL & ASSOCIATES
Since 1996
LAW HOUSE

અમોએ આપેલી માહિતી, સુચના અને સહીથી :-
મિલેનીયમ ઈન્ફ્રા સ્કવેર એલ.એલ.પી.ના ભાગીદાર
બકુલભાઈ હરીભાઈ ગજેરા વિગેરે
ઠેકાણું : શોપ નં. 2, ગ્રાઉન્ડ ફ્લોર, લક્ષ્મી એન્કલેવ-2, ગજેરા સ્કુલની સામે,
કતારગામ, સુરત-4. Mo. 94996 14122.